## અમિતાભની ફિલ્મ 'દેવા' અટકી અને

# બોલિવૂડને મળી બ્લોકબસ્ટર 'રામ લખન'!



મુવીયાના


શું તમે જાણો છો કે જો અમિતાભ બચ્ચન અને સુભાષ ઘઈ વચ્ચે અણબનાવ ન બન્યો હોત, તો કદાચ 'રામ લખન' ક્યારેય બની જ ન હોત? ચાલો, આજે આ સુપરહિટ ફિલ્મના મેકિંગની ગલીઓમાં લટાર મારીએ.

હિન્દી સિનેમામાં કેટલીક ફિલ્મો નસીબ લઈને આવતી હોય છે. વર્ષ ૧૯૮૯માં આવેલી સુભાષ ઘઈની મલ્ટીસ્ટારર ફિલ્મ 'રામ લખન' એ વાતનું જીવતું જાગતું ઉદાહરણ છે. આજે પણ જ્યારે સિનેમા હોલમાં 'માય નેમ ઈઝ લખન' વાગે છે, ત્યારે લોકો નાચવા મજબૂર થઈ જાય છે. પરંતુ, આ ફિલ્મ બનવા પાછળ જે સંઘર્ષ, વિવાદ અને વળાંકો હતા, તે કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટથી કમ નથી.

સ્ટોરી શરૂ થાય છે ૧૯૮૭માં. સુભાષ ઘઈ અમિતાભ બચ્ચનને લઈને 'દેવા' નામની એક ભવ્ય એક્શન ફિલ્મ બનાવી રહ્યા હતા. મુહૂર્ત થઈ ગયું હતું, શૂટિંગ પણ શરૂ થઈ ગયું હતું, પણ કહેવાય છે ને કે એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. તેમ બે દિગ્ગજો વચ્ચે જ્યારે વિચારધારા ટકરાય ત્યારે પ્રોડક્શન અટકી જાય છે. શૂટિંગ દરમિયાન અમિતાભે સ્ક્રિપ્ટ અંગે ચર્ચા કરવા સુભાષને મળવા બોલાવ્યા, પણ સુભાષે સામે મેસેજ મોકલ્યો કે 'કામ હોય તો તમે અહીં આવો.' આ નાનકડી વાત પર થયેલો વિવાદ એટલો વકર્યો કે અમિતાભ સેટ છોડીને નીકળી ગયા અને આખરે કરોડોના ખર્ચે બનનારી 'દેવા' કાયમ માટે બંધ થઈ ગઈ.

સુભાષ હતાશ હતા, ત્યારે બોની કપૂરે તેમને અનિલ કપૂર સાથે નાની ફિલ્મ બનાવવાની સલાહ આપી. સુભાષ 'દેવા'ના ક્રોધને 'રામ લખન'ની ઊર્જામાં બદલી નાખ્યો અને બોલિવૂડને એક માઈલસ્ટોન ફિલ્મ મળી.

અનિલ કપૂરે આ ફિલ્મમાં 'લખન'નું કેરેક્ટર અદા કરી ઈતિહાસ રચી દીધો. 'એ જી,ઓ જી..' ગાતો અને ખભા ઉછાળતો લખન તે સમયે યુવાનોનો આઈકોન બની ગયો. પરંતુ ફિલ્મના ખલનાયકો પણ એટલા જ દમદાર હતા. ગુલશન ગ્રોવરના કેરેક્ટરનું નામ હતું 'કેસરિયા વિલાયતી,' તેનો ડાયલોગ 'આઈ એમ અ બેડમેન'




એટલો હિટ થયો કે આજે આટલા વર્ષો પછી પણ ગુલશન ગ્રોવર દુનિયાભરમાં 'બેડમેન' તરીકે જ ઓળખાય છે.

રામના રોલ માટે સુભાષની પહેલી પસંદ શત્રુઘ્ન સિંહા હતા, પણ વાત ન બની એટલે જેકી શ્રોફને લેવામાં આવ્યા. જેકીના શાંત સ્વભાવ અને અનિલના તોફાની અંદાજે પડદા પર ભાઈચારાની અદભૂત કેમિસ્ટ્રી ઊભી કરી.

સુભાષ માધુરી દીક્ષિતને આ ફિલ્મ દ્વારા બોલિવૂડમાં પ્રોપર રીતે લોન્ચ કરવા માંગતા હતા. પરંતુ રામ લખન મોડી પડી અને તે પહેલાં માધુરીની 'તેજાબ' રિલીઝ થઈ ગઈ. 'તેજાબ' સુપરહિટ થવાથી માધુરી રાતોરાત સ્ટાર બની ગઈ. સુભાષને અફસોસ તો થયો કે તેઓ માધુરીને લોન્ચ ન કરી શક્યા, પણ અંતે 'તેજાબ'ની સફળતાનો ફાયદો 'રામ લખન'ને બોક્સ ઓફિસ પર પુષ્કળ મળ્યો.

આ ફિલ્મના એક ગીત 'તેરા નામ લિયા'ના




**જ્યારે સુપરસ્ટાર અમિતાભ બચ્ચન અને શો-મેન સુભાષ ઘઈ વચ્ચે ઇગો ટકરાયો, ત્યારે બોલિવૂડને એક એવી ફિલ્મ મળી જેણે 'લખન' અને 'બેડમેન' જેવા આઈકોનિક કેરેક્ટર્સ આપ્યા**

શૂટિંગ સમયે જ્યારે કોરિયોગ્રાફ સરોજ ખાન સેટ પર આવી ન શક્યા ત્યારે સુભાષે પોતે ગીત કોરિયોગ્રાફ કર્યું હતું અને તેમાં તેઓ ગેસ્ટ અપિયરન્સમાં જોવા પણ મળે છે.

લક્ષ્મીકાંત-પ્યારેલાલનું સંગીત આ ફિલ્મનો આત્મા હતો. આ ભારતની પહેલી એવી ફિલ્મ હતી જેની 'ઓડિયો સીડી' રિલીઝ કરવામાં આવી હતી, ત્યાં સુધી માત્ર કેસેટ અને LP રેકોર્ડનો જ જમાનો હતો. જોકે, આ સંગીત સાથે પણ એક કિસ્સો જોડાયેલો છે. સુભાષે પહેલા આર.ડી. બર્મનને આ ફિલ્મ માટે વાત કરી હતી, પણ પછી જાણ કર્યા વગર સંગીતકાર બદલી નાખ્યા. કહેવાય છે કે આ વાતથી પંચમ દાને એટલો આઘાત લાગ્યો હતો કે તેમને તે જ ગાળામાં હાર્ટ એટેક આવ્યો હતો.

રાખી ગુલઝારનો ડાયલોગ 'મેરે રામ-લખન આયેંગે..' આજે પણ માતૃપ્રેમ અને આશાનું પ્રતીક મનાય છે. આ ફિલ્મ માત્ર એક પોલીસ અને ચોરની સ્ટોરી નહોતી, પણ તે ભારતીય પરિવારોમાં રહેલા સંસ્કાર અને સ્વાર્થ વચ્ચેના સંઘર્ષની સ્ટોરી હતી ●

## રૂપેરી પડદાની રજવાડી અદાકારા / નવાબ બાનોથી નિમ્મી

બોલિવૂડનો સુવર્ણ યુગ એટલે માત્ર બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મોનો જમાનો નહીં, પણ એવો સમય જ્યારે પડદા પરની એક્ટ્રેસિસની આંખો બોલતી હતી. એ જમાનામાં એક એવો ચહેરો હતો જેની માસૂમિયત અને ગંભીરતા જોઈને પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈ જતા. એ ચહેરો એટલે 'નિમ્મી'. ચાલો આપણે બોલિવૂડની આ એવી એક્ટ્રેસના જીવનના અજાણ્યા ઝરુખાઓમાં ડોકિયું કરીએ, જેણે હોલિવૂડના પ્રસ્તાવને પણ ઠોકર મારી દીધી હતી.

નિમ્મીના જીવનની શરૂઆત જ એક ફિલ્મી કિસ્સાથી થઈ હતી. ૧૮ ફેબ્રુઆરી ૧૯૩૩ના રોજ આગ્રાના ફતેહાબાદમાં તેમનો જન્મ થયો. તેમના નાના ખૂબ જ રુઆબદાર વ્યક્તિ હતા અને તેમને અપેક્ષા હતી કે પુત્રીને ત્યાં પુત્ર જ જન્મશે. તેમણે તો મન મનાવી લીધું હતું કે દોહિત્રનું નામ 'નવાબ' રાખવું. પરંતુ જ્યારે પુત્રી જન્મી, ત્યારે પરિવાર મૂંઝવણમાં મુકાયો. નાનાની જીદ હતી કે નામ તો 'નવાબ' જ રહેશે! છેવટે નાનીએ વચ્ચેનો રસ્તો કાઢ્યો અને નામ રાખ્યું 'નવાબ બાનો'. કોને ખબર હતી કે આ નવાબ બાનો એક દિવસ આખા દેશના દિલો પર રાજ કરશે?

નિમ્મીના પિતા અબ્દુલ હકીમ મિલિટરી કોન્ટ્રાક્ટર હતા, જ્યારે માતા વહીદન એક પ્રખ્યાત ગાયિકા હતાં. નિમ્મીના પિતાને એકવાર ફિલ્મોમાં કામ કરવાની તક મળી હતી, પણ જેવું તેમણે મેકઅપ અને ભારે કોસ્ચ્યુમ પહેર્યા, તેમને ગભરામણ થવા લાગી. તેઓ શૂટિંગ છોડીને ભાગી ગયા અને પત્નીને ધમકી આપી કે, 'જો તારે મને વિધવા તરીકે જોવો હોય તો જ હવે મને ફિલ્મોમાં કામ કરવાનું કહેજે!' જોકે, નિયતિને કંઈક બીજું જ મંજૂર હતું. પિતા ભલે ન બન્યા, પણ પુત્રી નિમ્મી તો રૂપેરી પડદાની રાણી બનવાની હતી.

ગોલ્ડન એરા

એક દિવસ શૂટિંગ દરમિયાન રાજ કપૂરની નજર એક ખૂણામાં બેઠેલી માસૂમ છોકરી પર પડી.

રાજ કપૂર પોતાની ફિલ્મ 'બરસાત' માટે એક નવા ચહેરાની શોધમાં હતા. તેમણે પૂછ્યું, 'તમારું નામ શું છે?' અને પેલી છોકરીએ ધીમેથી કહ્યું, 'નવાબ બાનો.' રાજ કપૂરને એ ચહેરામાં કંઈક અલગ જ તેજ દેખાયું. તેમણે મહેબૂબ ખાનને વિનંતી કરી કે આ છોકરીને તમે ક્યાંય જવા ન દેતા, મારે તેને હીરોઈન બનાવવી છે.



રાજ કપૂરે જ તેમનું નામ 'નિમ્મી' રાખ્યું. 'બરસાત' (૧૯૪૯) ફિલ્મમાં નિમ્મીએ એક પહાડી યુવતીનું પાત્ર ભજવ્યું જે પ્રેમમાં બધું જ ન્યોછાવર કરી દે છે. આ ફિલ્મે નિમ્મીને રાતોરાત સ્ટાર બનાવી દીધા. પણ આ સંબંધ માત્ર વ્યાવસાયિક નહોતો. શૂટિંગ દરમિયાન રાજ કપૂરે નિમ્મી પાસે રાખડી બંધાવી હતી. આ એવો અતૂટ સંબંધ હતો કે જે નિમ્મીએ રાજ કપૂરના અવસાન સુધી નિભાવ્યો.

નિમ્મીની સફળતાની કહાનીમાં સૌથી વધુ રોમાંચક કિસ્સો ૧૯૫૨માં 'આન' ફિલ્મના પ્રીમિયર વખતનો છે. મહેબૂબ ખાનની આ ફિલ્મ ભારતની પહેલી ટેક્નિકલર ફિલ્મ હતી, જેનું પ્રીમિયર લંડનમાં રાખવામાં આવ્યું હતું. ત્યાં હોલિવૂડના અનેક દિગ્ગજો આવ્યા હતા. હોલિવૂડના પ્રખ્યાત એક્ટર એરલ ફ્લિને જ્યારે નિમ્મીને જોઈ, ત્યારે તેઓ તેમની સુંદરતા પર વારી ગયા. વેસ્ટર્ન કલ્ચર મુજબ, એરલ ફ્લિને નિમ્મીનો હાથ પકડીને હાથ પર કિસ કરવાનો પ્રયત્ન કર્યો.

પરંતુ નિમ્મી તો ભારતીય સંસ્કારોથી ઘડાયેલી યુવતી હતી. તેમણે તુરંત જ પોતાનો હાથ ખેંચી લીધો અને મક્કમ અવાજે કહ્યું, 'હું ભારતીય છોકરી છું, તમે મારી મરજી વગર મને અડી ન શકો.' બીજા દિવસે લંડનના મીડિયામાં હેડલાઈન્સ હતી -'The Unkissed Girl of India'. હોલિવૂડના ડાયરેક્ટર્સે તેમને ચાર મોટી ફિલ્મોની ઓફર આપી, પણ શરત એ હતી કે તેમાં કિસિંગ સીન્સ આપવા પડશે. નિમ્મીએ હસતા મોઢે હોલિવૂડની એ કરોડોની ઓફરને ઠોકર મારી દીધી. તેમના માટે પોતાના સંસ્કારો ફિલ્મી કરિયર કરતા વધુ કિંમતી હતા.

નિમ્મીએ પોતાના જમાનાના લગભગ તમામ સુપરસ્ટાર્સ સાથે કામ કર્યું, પણ તેમની જોડી સૌથી વધુ દિલીપ કુમાર સાથે જામી.

'દાગ', 'દીદાર', 'અમર', 'ઉડન ખટોલા' અને 'આન' જેવી ફિલ્મોમાં આ બંનેની કેમિસ્ટ્રી જોઈને પ્રેક્ષકો અભિભૂત થઈ જતા.

નિમ્મી જ્યારે પોતાની કારકિર્દીના શિખર પર હતા, ત્યારે તેમણે લગ્ન કરવાનો નિર્ણય લીધો. તેમણે કોઈ સ્ટારને નહીં, પણ એક લેખક એસ. અલી રઝાને પોતાના જીવનસાથી તરીકે પસંદ કર્યા. આ લગ્ન પાછળ પણ એક રસપ્રદ વાત છે. નિમ્મીના

**'હું ભારતીય છોકરી છું, તમે મારી મરજી વગર મને અડી ન શકો.' બીજા દિવસે લંડનના મીડિયામાં હેડલાઇન્સ હતી -'The Unkissed Girl of India'.**


મેકઅપ આર્ટિસ્ટે એક મેગેઝિનમાં અલી રઝાનો ફોટો જોયો અને નિમ્મીને કહ્યું કે, 'આ માણસ તમારા માટે પરફેક્ટ છે.' નિમ્મીને પણ એ વાત ગમી ગઈ અને ૧૯૬૪માં સાદગીપૂર્વક લગ્ન કરી લીધા.

આજે જ્યારે ફિલ્મોમાં ગ્લેમર અને દેખાદેખી વધી ગઈ છે, ત્યારે નિમ્મી જેવા કલાકારોની ખોટ સાલે છે. તેમણે સાબિત કર્યું હતું કે અભિનય માટે અંગપ્રદર્શનની જરૂર નથી, માત્ર આંખોના ભાવ જ કાફી છે. ●

## જે ગીતને સેન્સર બોર્ડ બૅન કર્યું તે ભારતની ઓળખ બની ગયું!

1971 માં ફિલ્મ 'હરે રામા હરે કૃષ્ણા' માટે સર્જાયેલું આ ગીત પંચમ દાના જીનિયસ હોવાનો સૌથી મોટો પુરાવો છે. પણ શું તમે જાણો છો કે જે ગીત આજે દરેક પાર્ટીની શાન છે, તેને ભારતમાં પ્રતિબંધનો સામનો કરવો પડ્યો હતો?

ફિલ્મના પ્રોડ્યુસર અને એક્ટર દેવ આનંદ આ ફિલ્મ દ્વારા 'હિપ્પી કલ્ચર' અને ડ્રગ્સની અસરો



વિશે વાત કરવા માંગતા હતા. તેમનો હેતુ ડ્રગ્સ વિરોધી સંદેશ આપવાનો હતો. દેવ સાહેબને માત્ર એક નાનકડું બેકગ્રાઉન્ડ સંગીત જોઈતું હતું જ્યાં નશામાં ધૂત યુવાનો બેઠા હોય અને તેઓ (દેવ આનંદ) આવીને તેમને સુધારવાનો પ્રયત્ન કરે.

જ્યારે પંચમ દા અને ગીતકાર આનંદ બક્ષીએ તેમને 'દમ મારો દમ'ની ધૂન સંભળાવી, ત્યારે દેવ આનંદ ચોંકી ગયા. તેમને લાગ્યું કે આ ધૂન એટલી કેચી છે કે લોકો ડ્રગ્સ વિરોધી સંદેશ ભૂલીને આ ગીત પર ઝૂમવા લાગશે. તેઓ આ ગીતને ફિલ્મમાંથી કાઢી નાખવા માંગતા હતા.

આર.ડી. બર્મન જાણતા હતા કે આ ગીત માસ્ટરપીસ છે. તેમણે આશાજીની મદદ લીધી. આશાજીએ અડધી રાત્રે દેવ આનંદને ફોન કર્યો અને વિનંતી કરી કે આ ગીતને ફિલ્મમાં રહેવા દો. અંતે, દેવ સાહેબ એક શરત પર માન્યાઃ આ ગીત સંપૂર્ણ નહીં પણ માત્ર અમુક ભાગ જ ફિલ્મમાં દેખાડવામાં આવશે. છતાં, જ્યારે ગીત રિલીઝ થયું ત્યારે આશાજીના અવાજે અને આર.ડી. બર્મનના ગિટાર રિફ્સે આખા દેશમાં ધૂમ મચાવી દીધી.

આ ગીતની સફળતા સાથે વિવાદ પણ જોડાયો. ઓલ ઈન્ડિયા રેડિયોએ આ ગીત પર પ્રતિબંધ મૂક્યો કારણ કે તેમને લાગ્યું કે તે નશાને પ્રોત્સાહન આપે છે. દૂરદર્શન પર પણ જ્યારે આ ફિલ્મ બતાવવામાં આવતી ત્યારે આ ગીત કાપી નાખવામાં આવતું હતું.

પરંતુ પ્રતિભાને કોઈ સરહદો નડતી નથી. ભારત ભલે વિરોધ કરતું રહ્યું, પણ પાડોશી દેશ શ્રીલંકાના 'રેડિયો સિલોન' પર આ ગીત સતત 12 અઠવાડિયા સુધી ટોપ પર રહ્યું. તે એટલું લોકપ્રિય થયું કે તેને 'સરતાજ ગીત' ઘોષિત કરી સ્પર્ધામાંથી રિટાયર કરવું પડ્યું હતું!

આ ગીતની તાકાત એ છે કે તે આજે પણ આધુનિક લાગે છે. તેના કેટલાક આંતરરાષ્ટ્રીય કિસ્સાઓ જાણવા જેવા છેઃ

ગ્રાન્ડ થેફ્ટ ઓટો (GTA): વિશ્વની સૌથી પ્રખ્યાત વિડિયો ગેમ્સમાંની એક 'GTA: Liberty City Stories' માં આ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**બોલિવૂડના ઈતિહાસમાં ઘણા ગીતો હિટ થયા છે, પરંતુ 'દમ મારો દમ' જેવું 'કલરફુલ' નસીબ કદાચ જ કોઈ ગીતનું હશે! આ ગીત જેણે ભારતથી Appleના સ્ટેજ સુધીની સફર ખેડી**

મ્યૂઝિક મોમેન્ટ

IPhone 13 લોન્ચ: 2021માં જ્યારે Apple ના CEO ટિમ કુક સ્ટેજ પર IPhone 13 લોન્ચ કરી રહ્યા હતા, ત્યારે બેકગ્રાઉન્ડમાં જે સંગીત વાગતું હતું ('Work All Day' બાય ફોટસી), તેમાં 'દમ મારો દમ'ના ગિટાર પીસનો સીધો ઉપયોગ થયો હતો.



'દમ મારો દમ' એ માત્ર ગીત નથી, પણ પશ્ચિમી રોક અને ભારતીય સંગીતના મિલનનું એક અદભૂત ઉદાહરણ છે. જેને સેન્સર બોર્ડ અને સરકારો દબાવવા માંગતી હતી, તે આજે વૈશ્વિક સ્તરે ભારતની ઓળખ બની ગયું છે. સાચે જ, પંચમ દાનું સંગીત સમય કરતા ઘણું આગળ હતું. ●